ॐ

श्रीभक्तियोगः ।

गीता सुगीता कर्तव्या किमन्यैः शास्त्रसंग्रहैः ।
या स्वयं पद्मनाभस्य मुखपद्माद्विनिसृता ॥

श्रीमद्भगवद्धर्मपाठशालार्थम् ।

धर्मार्थ छपावनार.
वोरा चकुभाई वीरजी.
(राजुला--निवासी)

मुद्रक—प्रभाशंकर जयशंकर पाठक मुंबई नं० ३ ठाकोरद्वार,
पुरंदरे कं० प्रिंटींग प्रेस.

मुम्बापुरी.

संवत १९७७. शके १८४२.

अमूल्य.

अर्जुन उवाच

एवं सततयुक्ता ये भक्तास्त्वां पर्युपासते ।
ये चाप्यक्षरमव्यक्तं तेषां के योगवित्तमाः ॥ १ ॥

श्रीभगवानुवाच

मय्यावेश्य मनो ये मां नित्ययुक्ता उपासते ।
श्रद्धया परयोपेतास्ते मे युक्ततमा मताः ॥ २ ॥
ये त्वक्षरमनिर्देश्यमव्यक्तं पर्युपासते ।
सर्वत्रगमचिन्त्यं च कूटस्थमचलं ध्रुवम् ॥ ३ ॥
संनियम्येन्द्रियग्रामं सर्वत्र समबुद्धयः ।
ते प्राप्नुवन्ति मामेव सर्वभूतहिते रताः ॥ ४ ॥
क्लेशोऽधिकतरस्तेषामव्यक्तासक्तचेतसाम् ।
अव्यक्ता हि गतिर्दुःखं देहवद्भिरवाप्यते ॥ ५ ॥
ये तु सर्वाणि कर्माणि मयि संन्यस्य मत्पराः ।
अनन्येनैव योगेन मां ध्यायन्त उपासते ॥ ६ ॥
तेषामहं समुद्धर्ता मृत्युसंसारसागरात् ।
भवामि न चिरात् पार्थ मय्यावेशितचेतसाम् ॥ ७ ॥
मय्येव मन आधत्स्व मयि बुद्धिं निवेशय ।
निवसिष्यसि मय्येव अत ऊर्ध्वं न संशयः ॥ ८ ॥
अथ चित्तं समाधातुं न शक्नोषि मयि स्थिरम् ।
अभ्यासयोगेन ततो मामिच्छाप्तुं धनंजय ॥ ९ ॥
अभ्यासेऽप्यसमर्थोऽसि मत्कर्मपरमो भव ।
मदर्थमपि कर्माणि कुर्वन्सिद्धिमवाप्स्यसि ॥ १० ॥
अथैतदप्यशक्तोऽसि कर्तुं मद्योगमाश्रितः ।

॥ श्रीगणेशाय नमः ॥



અવતરણિકા.

પૂર્વોક્ત અધ્યાયોમાં ‘ मत्कर्मकृन्मत्परमः–મારે માટેજ કર્મ કરનારો અને મનેજ પરમ આશ્રયરૂપ માનનારો’ એ પ્રમાણે કહી ભગવાને ભક્તિનિષ્ઠ સગુણ બ્રહ્મના ઉપાસકનું શ્રેષ્ઠપણું બતાવ્યું છે. અને ‘कौन्तेय प्रतिजानीहि’ વિગેરે કહીને પણ તેનીજ ઉત્તમતા બતાવી છે; તેમજ ‘ तेषां ज्ञानी नित्ययुक्त एकभक्तिर्विशिष्यते–તે મારા ભકતોમાં નિત્ય યુક્ત અને ઐકાન્તિક ભક્તિવાળો જ્ઞાની વધારે શ્રેષ્ઠ છે’ વિગેરે વાકયોથી અને ‘ सर्वं ज्ञानप्लवेनैव वृजिनं संतरिष्यसि–તું જ્ઞાનરૂપ હોડકાવળે દુસ્તર એવા પણ સર્વ પાપરૂપ સમુદ્રને તરી જઈશ’ વિગેરે કહીને જ્ઞાનનિષ્ઠ નિર્ગુણ બ્રહ્મના ઉપાસકનું શ્રેષ્ઠપણું બતાવ્યું છે. આ પ્રમાણે બંનેની શ્રેષ્ઠતા બતાવેલી હોવા છતાં પણ તે ભક્તિયોગવાળો અને જ્ઞાનયોગવાળો એ ઉભય યોગીમાંથી કયો યોગી વધારે ઉત્તમ છે અને તે બન્નેના માર્ગમાંથી કોનો માર્ગ સુલભ છે એમ કંઈક વિશેષ જાણવાની ઈચ્છાથી આ અધ્યાયના આરંભમાં અર્જુન પ્રશ્ન કરે છે:–

॥ श्रीः ॥



॥ श्लोकः १ ॥

अर्जुन उवाच——અર્જુન પૂછે છે.

एवं सततयुक्ता ये भक्तास्त्वां पर्युपासते ।
ये चाप्यक्षरमव्यक्तं तेषां के योगवित्तमाः ॥

पदानि ।

एवम् सततयुक्ताः ये भक्ताः त्वाम् पर्युपासते ।
ये च अपि अक्षरम् अव्यक्तम् तेषाम् के योगवित्तमाः ॥

अन्वयार्थः ।

एवम् એ પ્રમાણે **सततयुक्ताः** નિરન્તર એકનિષ્ઠાવાળા થયા થકા **ये** જે **भक्ताः** ભકતો **त्वाम्** તમોને **पर्युपासते** ઉપાસેછે **च** અને **ये** જેઓ **अक्षरम्** અવિનાશી **अपि** અને **अव्यक्तम्** શબ્દાદિથી પણ ન જાણી શકાય એવા પરબ્રહ્મને (ઉપાસે છે) **तेषाम्** તેઓમાં **योगवित्तमाः** અત્યંત યોગ જાણનારા **के** કોણ છે ?

भावार्थः ।

અર્જુન પૂછે છે—હે ભગવન ! આ પ્રમાણે જે ભકતો સર્વ ...ન તમનેજ અર્પણ કરીને હમેશાં તમારે વિષેજ એક નિષ્ઠા-

વાળા થઈ અને તમનેજ સેવે છે એટલે કે તમારી સગુણ બ્રહ્મની ઉપાસના કરે છે તેઓ, અને જેઓ અવિનાશી અને અવ્યક્ત એવા નિર્વિશેષ પરબ્રહ્મની એટલે કે નિર્ગુણ બ્રહ્મની ઉપાસના કરે છે તે બંનેમાંથી ઉત્તમ યોગનિષ્ઠ કોને કહેવા તે તમે કહો ?

આ પ્રમાણે પ્રશ્ન કરતા અર્જુનને પૂર્વોકત સાધનોમાંથી પ્રથમ સાધન આરુરુક્ષુ માટે છે અને બીજું આરૂઢને માટે છે એમ જણાવતા થકા, અર્જુન આરુરુક્ષુ હોવાથી તેને યોગ્ય સાધનનો ઉપદેશ આપતાં ભગવાન્ કહે છે.

॥ श्लोकः २ ॥

श्रीभगवानुवाच—શ્રીભગવાન્ કહે છે.

मय्यावेश्य मनो ये मां नित्ययुक्ता उपासते ।
श्रद्धया परयोपेतास्ते मे युक्ततमा मताः ॥

पदानि ।

मयि आवेश्य मनः ये मांम् नित्ययुक्ताः उपासते ।
श्रद्धया परया उपेताः ते मे युक्ततमाः मताः ॥

अन्वयार्थः ।

ये જેઓ मनः મનને मयि મારે વિષે आवेश्य એકાગ્ર કરીને नित्ययुक्ताः નિરન્તર એકનિષ્ઠાવાળા (અને) परया ઉત્તમ એવી श्रद्धया શ્રદ્ધાવડે युक्ताः યુકત થયા થકા माम् મને उपासते ઉપાસે છે ते તેઓ मे મારાવડે युक्ततमाः ઉત્તમ યોગનિષ્ઠ मताः મનાયલા છે.

भावार्थः ।

ભગવાન્ કહે છે—હે અર્જુન ! જે ભક્તો પોતાના મનને મારામાં એકાગ્ર કરીને મારામાંજ એકનિષ્ઠાવાળા થઈ અને ઉત્તમ શ્રદ્ધાથી મારી સગુણ બ્રહ્મની ઉપાસના કરે છે તેઓને હું ઉત્તમ યોગી માનું છું. અર્થાત્ કે મોક્ષ માર્ગમાં ચઢવાની ઇચ્છાવાળા મારા ભક્તોએ પ્રથમ ઇન્દ્રિયનિગ્રહાદિ સાધનો દ્વારા મારી સગુણ બ્રહ્મની ઉપાસના કરવીજ શ્રેષ્ઠ છે.

આ પ્રમાણે સગુણોપાસના જણાવી કર્મયોગીઓની મહત્તા બતાવી; હવે નિર્ગુણોપાસક જ્ઞાનયોગીઓ પણ ઉત્તમ છે એમ જણાવવા માટે કહે છે.

॥ श्लोकौ ३—४ ॥

ये त्वक्षरमनिर्देश्यमव्यक्तं पर्युपासते ।
सर्वत्रगमचिन्त्यं च कूटस्थमचलं ध्रुवम् ॥
संनियम्येन्द्रियग्रामं सर्वत्र समबुद्धयः ।
ते प्राप्नुवन्ति मामेव सर्वभूतहिते रताः ॥

पदानि ।

ये तु अक्षरम् अनिर्देश्यम् अव्यक्तम् पर्युपासते ।
सर्वत्रगम् अचिन्त्यम् च कूटस्थम् अचलम् ध्रुवम् ॥
संनियम्य इन्द्रियग्रामम् सर्वत्र समबुद्धयः ।
ते प्राप्नुवन्ति माम् एव सर्वभूतहिते रताः ॥

अन्वयार्थः ।

तु વળી ये જેઓ इन्द्रियग्रामम् ઇન્દ્રિયોના સંઘને संनियम्य સારી રીતે નિયમમાં રાખીને सर्वत्र સર્વમાં समबुद्धयः સમાન બુદ્ધિવાળા (અને) सर्वभूतहिते સર્વ પ્રાણીમાત્રના હિતમાં रताः પ્રીતિવાળા થયા થકા अनिर्देश्यम् શબ્દથી પણ ન બતાવી શકાય એવા अव्यक्तम् અસ્પષ્ટ सर्वत्रगम् સર્વવ્યાપક अचिन्त्यम् ચિન્તવનમાં ન આવે એવા च અને कूटस्थम् તટસ્થ अचलम् અચલ (અને) ध्रुवम् નિત્ય એવા अक्षरम् અવિનાશી પરબ્રહ્મને पर्युपासते ઉપાસેછે ते તેઓ (પણ) माम् . एव મનેજ प्राप्नुवन्ति પામે છે.

भावार्थः ।

હે અર્જુન! વળી જે યોગનિષ્ઠ પુરૂષો પોતાની ઇન્દ્રિયોને બરાબર નિયમમાં રાખીને શત્રુમિત્ર વિગેરે સર્વમાં સમાન બુદ્ધિવાળા અને રાગ, દ્વેષ વિગેરે છોડી સર્વ પ્રાણીમાત્રનું હિત કરવામાંજ પ્રીતિવાળા થયા થકા શબ્દાદિથી પણ ન બતાવી શકાય એવા, જાતિ. ગુણ, ક્રિયા વિગેરેથી રહિત હોવાથી ઇન્દ્રિયોથી પણ અગમ્ય, આકાશ વિગેરે સર્વમાં વ્યાપ્ત, અવ્યકત હોવાથી જેનું ચિંત્વન ન થઈ શકે એવા, માયાના પ્રપંચમાં અધિષ્ઠાતા રૂપે રહેલ અને હલન ચલન વિગેરે ક્રિયાથી રહિત અને તેથીજ વૃધ્ધિ ક્ષય વિગેરે વિનાના એવા અક્ષર બ્રહ્મની ઉપાસના કરે છે તેઓ પણ મનેજ પામે છે.

કર્મયોગી અને જ્ઞાનયોગી એટલે સગુણોપાસક અને નિર્ગુણોપાસક એ બંને જ્યારે શ્રેષ્ઠ છે તો પછી તે બંનેમાં વિશેષતા શી છે તે જણાવે છે.

॥ श्लोकः ५ ॥

क्लेशोऽधिकतरस्तेषामव्यक्तासक्तचेतसाम् ।
अव्यक्ता हि गतिर्दुःखं देहवद्भिरवाप्यते ॥

पदानि ।

क्लेशः अधिकतरः तेषाम् अव्यक्तासक्तचेतसाम् ।
अव्यक्ता हि गतिः दुःखम् देहवद्भिः अवाप्यते ॥

अन्वयार्थः ।

(પણ) अव्यक्तासक्तचेतसाम् નિર્વિશેષ એવા અક્ષર બ્રહ્મમાં આસકત ચિત્તવાળા तेषाम् તેઓને अधिकतरः અત્યંત क्लेशः કલેશ (થાય છે) हि કારણ કે अव्यक्ता અવ્યકત એવી गतिः સ્થિતિ (એટલે નિર્ગુણ બ્રહ્મ) તે देहवद्भिः દેહધારીઓ વડે दुःखम् દુઃખથી अवाप्यते પ્રાપ્ત કરી શકાય છે.

भावार्थः ।

હે અર્જુન ! સગુણ બ્રહ્મના અને નિર્ગુણ બ્રહ્મના એ બંનેના ઉપાસકો જો કે મનેજ પામે છે તોપણ નિર્ગુણ બ્રહ્મની ઉપાસનામાં જેમનું ચિત્ત લાગેલું છે એવા ઉપાસકોને તે નિર્ગુણ બ્રહ્મની પ્રાપ્તિ માટે ઘણો કલેશ સહન કરવો પડે છે, કારણ કે તે નિર્ગુણ બ્રહ્મની પ્રાપ્તિ કરવામાં શમદમાદિ સાધનસંપત્તિ અને આહાર વિહારાદિ સર્વ યોગાભ્યાસના નિયમોનું પરિપાલન કરવાનું દુઃખ સહેવું પડે છે અને ત્યારેજ તેઓ તે નિર્ગુણ બ્રહ્મને પ્રાપ્ત થઈ શકે છે.

આ પ્રમાણે નિર્ગુણોપાસનામાં ક્લેશની અધિકતા બતાવી, સગુણોપાસના સુલભ છે અને તે સાધનરૂપ હોવાથી પ્રથમજ કરવી જોઇએ અને તેથી બ્રહ્મપ્રાપ્તિ અનાયાસેજ થાયછે તે કહે છે.

॥ श्लोकौ ६—७ ॥

ये तु सर्वाणि कर्माणि मयि संन्यस्य मत्पराः ।
अनन्येनैव योगेन मां ध्यायन्त उपासते ॥
तेषामहं समुद्धर्ता मृत्युसंसारसागरात् ।
भवामि न चिरात् पार्थ मय्यावेशितचेतसाम् ॥

पदानि ।

ये तु सर्वाणि कर्माणि मयि संन्यस्य मत्पराः ।
अनन्येन एव योगेन माम् ध्यायन्तः उपासते ॥
तेषाम् अहम् समुद्धर्ता मृत्युसंसारसागरात् ।
भवामि न चिरात् पार्थ मयि आवेशितचेतसाम् ॥

अन्वयार्थः ।

तु પણ **ये** જેઓ **सर्वाणि** સર્વ **कर्माणि** કર્મોને **मयि** મારે વિષે **संन्यस्य** રોકીને એટલે મનેજ અર્પણ કરીને **मत्पराः** મારામાંજ તત્પર થએલા (અને) **अनन्येन** અનન્ય એવા **योगेन** (ભકિત) યોગવડે **ध्यायन्तः** ધ્યાન કરતા થકા **माम्**. **एव** મનેજ **उपासते** સેવે છે; (**हे**) **पार्थ** ! હે પૃથાપુત્ર અર્જુન ! **तेषाम्** તે **मयि** મારે વિષે **आवेशितचेतसाम्** એકાગ્ર ચિત્તવાળાઓનો **मृत्युसंसारसागरात** મત્યુરૂપી સંસારસમુદ્રમાંથી **चिरात** લાંબે વખતે **समुद्धर्ता**

ઉદ્ધાર કરનારો अहम् હું न भवामि થતો નથી. અર્થાત્ તેઓનો હું તરતજ ઉદ્ધાર કરૂં છું.

भावार्थः ।

પરન્તુ હે અર્જુન ! જેઓ સર્વ કર્મો મનેજ અર્પણ કરીને મા રામાંજ તત્પર રહી, ઉત્તમ ભકિતયોગથી મારૂંજ ધ્યાન કરતા થકા મનેજ ભજે છે તે મારામાંજ એકાગ્ર ચિત્તવાળા મારા ભકતોનો મૃત્યુરૂપી સંસારસમુદ્રમાંથી હું તત્કાલજ ઉદ્ધાર કરૂં છું; અર્થાત્ કે જેઓ મારી સગુણ બ્રહ્મની ઉપાસના કરે છે તેઓ તેમનાં તે કર્મોથી અન્તઃકરણની શુદ્ધિદ્વારા ઉત્તરોત્તર જ્ઞાન પ્રાપ્ત થતાં મને સત્વર પ્રાપ્ત થવા માટે શક્તિમાન થાય છે.

જેમ બ્રહ્મપ્રાપ્તિ એ મારી કૃપાનુંજ ફળ છે તેમ મારી કૃપા પણ ઉપાસનાથીજ મેળવી શકાય છે તે કહે છે.

॥ श्लोकः ८ ॥

मय्येव मन आधत्स्व मयि बुद्धिं निवेशय ।
निवसिष्यसि मय्येव अत ऊर्ध्वं न संशयः ॥

पदानि ।

मयि एव मनः आधत्स्व मयि बुद्धिम् निवेशय ।
निवसिष्यसि मयि एव अतः ऊर्ध्वम् न संशयः ॥

अन्वयार्थः ।

(માટે) मनः મનને मयि, एव મારા વિષેજ आधत्स्व રાખ (અને) बुद्धिम् બુદ્ધિને (પણ) मयि મારામાં (જ) निवेशय દૃઢ કર,

(અને એમ કરવાથી) अतः આથી ऊर्ध्वम् પછીથી (એટલે દેહ પડવા પછીથી) मयि, एव મારે વિષેજ निवसिष्यसि તું નિવાસ કરીશ (એમાં) संशयः સંશય न નથી.

भावार्थः ।

મારે તારા મનને તું મારે વિષેજ એકાગ્રતાવાળું કર અને તારી બુદ્ધિને પણ મારામાંજ દૃઢ કર. અને એ પ્રમાણે જ્યારે તું કરીશ ત્યારે મરણ પછીથી તું મારે વિષેજ નિવાસ કરીશ એટલે કે મારા સ્વરૂપને પામીશ એમાં જરા પણ સંશય નથી; અર્થાત્ જે મારા ભક્તો એ પ્રમાણે કરે છે તેઓ મને અનાયાસેજ પ્રાપ્ત થઈ શકે છે.

પરન્તુ એવી ઉપાસના કરવામાં અતિ મન્દ બુદ્ધિવાળાઓને માટે ભગવત્પ્રાપ્તિનો બીજો ઉપાય કહે છે.

॥ श्लोकः ९ ॥

अथ चित्तं समाधातुं न शक्नोषि मयि स्थिरम् ।
अभ्यासयोगेन ततो मामिच्छाप्तुं धनंजय ॥

पदानि ।

अथ चित्तम् समाधातुम् न शक्नोषि मयि स्थिरम् ।
अभ्यासयोगेन ततः माम् इच्छ आप्तुम् धनंजय ॥

अन्वयार्थः ।

धनंजय હે અર્જુન ! अथ જો चित्तम् ચિત્તને मयि મારે વિષે स्थिरम् દૃઢ समाधातुम् રાખવા માટે न-शक्नोषि શક્તિમાન ન હો

ततः તો **अभ्यासयोगेन** અભ્યાસયોગ વડે **माम्** મને **आप्तुं** પ્રાપ્ત થવા માટે **इच्छ** ઈચ્છા કર.

भावार्थः ।

હે અર્જુન ! પરન્તુ ચિત્ત ચંચળ હોવાથી જો તેને તું મારે વિષે સ્થિર રાખવામાટે અસમર્થ હો તો " ચારે બાજુ ભ્રમણ કરતા ચિત્તને ખેંચીને કોઈ એક સ્થૂલ પ્રતિમા વિગેરેમાં વારંવાર સ્થિર કરવાની જે ક્રિયા તેને અભ્યાસ કહેવામાં આવે છે " એવા, અને જેમાં મારૂંજ સ્મરણ કરવામાં આવે છે એવા અભ્યાસયોગ વડે તું મને પ્રાપ્ત થવાની ઈચ્છા કર; અર્થાત્ મારા એવા ભક્તો અભ્યાસયોગથી વિક્ષિપ્ત ચિત્તને સ્થિર રાખી ઉત્તરોત્તર જ્ઞાનાદિ પ્રાપ્ત કરતાં અન્તમાં મારા સ્વરૂપને પામે છે.

અભ્યાસયોગમાં અશકતને માટે એથી પણ અન્ય ઉપાય બતાવે છે.

॥ श्लोक १० ॥

अभ्यासेऽप्यसमर्थोऽसि मत्कर्मपरमो भव ।
मदर्थमपि कर्माणि कुर्वन्सिद्धिमवाप्स्यसि ॥

पदानि ।

अभ्यासे अपि असमर्थः असि मत्कर्मपरमः भव ।
मदर्थम् अपि कर्माणि कुर्वन् सिद्धिम् अवाप्स्यसि ॥

अन्वयार्थः ।

अभ्यासे અભ્યાસમાં **अपि** પણ (જો) **असमर्थः** સામર્થ્ય વિનાનો **असि** તું હો (તો) **मत्कर्मपरमः** મારે માટેનાં કર્મો કર-

વામાં તત્પર એવો ભવ તું થા. (કારણ કે) **मदर्थम्** મારે માટે **कर्माणि** કર્મોને **कुर्वन्** કરતો થકો **अपि** પણ **सिद्धिम्** સિદ્ધિને **अवाप्स्यसि** તું મેળવીશ.

भावार्थः ।

જો અભ્યાસ યોગ કરવામાં પણ તું અસમર્થ હો તો મારે માટેનાં એકાદશીવ્રત અને નામસંકીર્તન વિગેરે લૌકિક અને બીજાં વૈદિક એવાં કર્મો કરવામાં તત્પર થા; કારણ કે એવી રીતે મારે માટે કર્મ કરીશ તો તેથી પણ તું સિદ્ધિને પામીશ એટલે કે મત્પ્રીત્યર્થ કર્મ કરવાથી અન્તઃકરણની શુદ્ધિ અને પછી દૃઢભક્તિથી ઉત્તરોત્તર જ્ઞાન પ્રાપ્ત થતાં તું મારા સ્વરૂપને પામીશ.

ઉપરોકત ભગવન્નિમિત્તનાં કર્મ કરવામાં પણ અશકતને માટે વળી અન્ય ઉપાય બતાવે છે.

॥ श्लोकः ११ ॥

अथैतदप्यशक्तोऽसि कर्तुं मद्योगमाश्रितः ।
सर्वकर्मफलत्यागं ततः कुरु यतात्मवान् ॥

पदानि ।

अथ एतत् अपि अशक्तः असि कर्तुम् मद्योगम् आश्रितः ।
सर्वकर्मफलत्यागम् ततः कुरु यतात्मवान् ॥

अन्वयार्थः ।

(વળી) अथ જો एतत् એ (મન્નિમિત્તક કર્મો) ને **कर्तुम्** કરવાને **अपि** પણ **अशक्तः** શકિત વિનાનો **असि** તું હો ततः તેઃ

मद्योगम् મારા યોગને એટલે શરણને **आश्रितः** આશ્રિત થયલો (અને) **यतात्मवान्** મનોનિગ્રહવાળો થયો થકો **सर्वकर्मफल-त्यागम्** સર્વ કર્મોના ફલોનો ત્યાગ **कुरु** કર.

भावार्थः ।

હે અર્જુન! વળી જે મારા નિમિત્તે કરાતાં લૌકિક અને વૈદિક કર્મો કરવામાં પણ તું અશકત હો તો ' આ કર્મ કરવાથી પ્રભુ મને પ્રસન્ન થાઓ' એવું મારૂં શરણ અંગીકાર કરીને, સર્વ કર્મ મને અર્પણ કરીને, તારા મનને નિયમમાં રાખી, સર્વ કર્મોનાં ફલની અપેક્ષાનો ત્યાગ કર એટલે કે મત્પ્રીત્યર્થ નિષ્કામ કર્મ કરવા-માંજ તું તત્પર થા; કારણ કે એવી રીતે નિષ્કામ કર્મ કરવાથી કર્મફલની અપેક્ષારહિત મન સ્વસ્થ થઇ શકે છે.

આ પ્રમાણે સર્વ કર્મના ફલના ત્યાગનેજ સગુણ બ્રહ્મની પ્રાપ્તિમાં મુખ્ય સાધન જણાવી તેજ સર્વ સાધનમાં ઉત્તમ સાધન છે એમ તેની મહત્તા બતાવે છે.

॥ श्लोकः १२ ॥

श्रेयो हि ज्ञानमभ्यासाज्ज्ञानाद्ध्यानं विशिष्यते ।
ध्यानात्कर्मफलत्यागस्त्यागाच्छान्तिरनन्तरम् ॥

पदानि ।

श्रेयः हि ज्ञानम् अभ्यासात् ज्ञानात् ध्यानम् विशिष्यते ।
ध्यानात् कर्मफलत्यागः त्यागात् शान्तिः अनन्तरम् ॥

अन्वयार्थः ।

अभ्यासात् અભ્યાસયોગથી ज्ञानम् જ્ઞાન हि ખરેખર श्रेयः શ્રેષ્ઠ છે (અને) ज्ञानात् જ્ઞાનથી ध्यानम् ધ્યાન તે विशिष्यते વિશેષ ગણાય છે (અને) ध्यानात् ધ્યાનથી (પણ) कर्मफलत्यागः કર્મના ફલોનો ત્યાગ (શ્રેષ્ઠ ગણાય છે) (કારણ કે) त्यागात् ત્યાગથી अनन्तरम् પછીથી તરતજ शान्तिः શાંતિ (મળે છે) એટલે સંસારની નિવૃત્તિ થાય છે.

भावार्थः ।

પૂર્વોક્ત અભ્યાસયોગથી જ્ઞાન શ્રેષ્ઠ છે અને તેવા સાધારણ જ્ઞાનથી પણ જ્ઞાનપૂર્વક ધ્યાન વધારે શ્રેષ્ઠ છે; પરંતુ તેવા ધ્યાનથી પણ સર્વ કર્મોના ફલોનો ત્યાગ વિશેષ ઉત્તમ છે, કેમકે એવી રીતે સર્વ કર્મોના ફલોનો ત્યાગ કરવાથી અન્તમાં મોક્ષ મળે છે. અર્થાત્ કે જ્યારે મુમુક્ષુ સર્વ કર્મોના ફલનો ત્યાગ કરે છે ત્યારે તેની કામનાઓ નાશ પામે છે અને તેવી રીતે કામનાઓનો નાશ થવાથી પરમાત્માની કૃપાથી તે નિષ્કામ મુમુક્ષુ અંતમાં પરમાત્મસ્વરૂપને પ્રાપ્ત થાય છે.

આ પ્રમાણે સગુણોપાસના એટલે ભક્તિયોગની મહત્તા બતાવી, હવે પછીથી સાત શ્લોકોમાં સગુણોપાસક અથવા નિર્ગુણોપાસક પણ કેવાં લક્ષણવાળા હોવા જોઇએ તે બતાવતાં તેવાજ મને સત્વર પ્રાપ્ત થઇ શકે છે તે કહે છે.

॥ श्लोकौ १३—१४ ॥

अद्वेष्टा सर्वभूतानां मैत्रः करुण एव च ।
निर्ममो निरहंकारः समदुःखसुखः क्षमी ॥

संतुष्टः सततं योगी यतात्मा दृढनिश्चयः ।
मय्यर्पितमनोबुद्धिर्यो मे भक्तः स मे प्रियः ॥

पदानि ।

अद्वेष्टा सर्वभूतानाम् मैत्रः करुणः एव च ।
निर्ममः निरहंकारः समदुःखसुखः क्षमी ।
संतुष्टः सततम् योगी यतात्मा दृढनिश्चयः ।
मय्यर्पितमनोबुद्धिः यः मे भक्तः सः मे प्रियः ।

अन्वयार्थः ।

सर्वभूतानाम् સર્વ પ્રાણીમાત્રનો **अद्वेष्टा** દ્વેષ ન કરનારો **मैत्रः** મિત્રતા રાખનારો **च, एव** તેમજ **करुणः** દયાવાળો **निर्ममः** મમતા વિનાનો **निरहंकारः** અહંકારરહિત **समदुःखसुखः** દુઃખ સુખને સમાન માનનારો **क्षमी** ક્ષમાવાળો (વળી) **सततम्** નિરંતર **संतुष्टः** સંતોષી **योगी** સાવધ ચિત્તવાળો **यतात्मा** આત્માને એટલે મનને નિયમમાં રાખનારો **दृढनिश्चयः** દૃઢ નિશ્ચયવાળો (અને) **मयि** મારે વિષે **अर्पितमनोबुद्धिः** મન અને બુદ્ધિ જેણે અર્પણ કરેલાં છે એવો **यः** જે **मे** મારો **भक्तः** ભકત (છે) **सः** તે **मे** મને **प्रियः** પ્રિય છે.

भावार्थः ।

હે અર્જુન ! મારો જે ભકત સર્વ પ્રાણીમાત્રમાં કારણ છતાં પણ કોઈની સાથે દ્વેષ ન કરનારો, સર્વની સાથે મિત્રતા રાખનારો, સર્વના ઉપર દયાળુ, સંસારના સર્વ પ્રપંચોમાં મમતા વિનાનો, કોઈ પણ જાતના અહંકારથી રહિત, પ્રારબ્ધવશાત્

આવેલાં સુખદુઃખોને સમાન માનનારો, ક્રોધરહિત અથવા સર્વ શીતોષ્ણ વિગેરે દુઃખોને સહન કરનારો, હમેશાં પોતાને પ્રાપ્ત થએલી વસ્તુમાંજ સંતોષ માનનારો, ચિત્તને પરમાત્મામાંજ સ્થિત કરનારો, મનને નિયમમાં રાખનારો, પરબ્રહ્મમાંજ દૃઢ નિશ્ચયવાળો અને જેણે પોતાનાં મન અને બુદ્ધિ મારામાંજ અર્પણ કરેલાં છે એવો જે મારો ભકત છે તેજ મને પ્રિય છે અર્થાત્ એવાં લક્ષણવાળો ભક્તજ મને સત્વર પ્રાપ્ત થઇ શકે છે.

॥ श्लोकः १५ ॥

यस्मान्नोद्विजते लोको लोकान्नोद्विजते च यः ।
हर्षामर्षभयोद्वेगैर्मुक्तो यः स च मे प्रियः ॥

पदानि ।

यस्मात् न उद्विजते लोकः लोकात् न उद्विजते च यः ।
हर्षामर्षभयोद्वेगैः मुक्तः यः सः च मे प्रियः ॥

अन्वयार्थः ।

यस्मात् જેનાથી **लोकः** લોક **न. उद्विजते** ઉદ્વેગ પામતો નથી **च** અને **यः** જે **लोकात्** લોકથી **न. उद्विजते** ઉદ્વેગ પામતો નથી **च** અને (વળી તેમજ) **हर्षामर्षभयोद्वेगैः** હર્ષ, ક્રોધ, ભય અને ઉદ્વેગથી **यः** જે **मुक्तः** મુક્ત (છે) **सः** તે (જ) **मे** મને **प्रियः** પ્રિય છે.

भावार्थः ।

વળી જેનાથી કોઈ પણ પ્રાણીમાત્ર અંતઃકરણથી ઉદ્વેગ પામતું નથી એટલે જે કોઇને કોઈ પણ પ્રકારનો ત્રાસ આપતો નથી, તેમજ લોકો તરફથી ઉદ્વેગનાં કારણો મળવા છતાં પણ જે

પોતે ઉદ્વેગ પામતો નથી; અને વળી જે પ્રાપ્ત થતી વસ્તુથી હર્ષ, શોગાદિ દુઃખોમાં અસહનશીલતા, કોઈ પણ પ્રાણીથી થતો ભય અને કોઈ પણ કારણથી થતો ઉદ્વેગ એ સર્વથી મુકત છે તેજ મને પ્રિય છે.

॥ श्लोकः १६ ॥

अनपेक्षः शुचिर्दक्ष उदासीनो गतव्यथः ।
सर्वारम्भपरित्यागी यो मे भक्तः स मे प्रियः ॥

पदानि ।

अनपेक्षः शुचिः दक्षः उदासीनः गतव्यथः ।
सर्वारम्भपरित्यागी यः मे भक्तः सः मे प्रियः ।

अन्वयार्थः ।

अनपेक्षः (કોઈ પણ વસ્તુની) અપેક્ષા વિનાનો શુચિઃ પવિત્ર दक्षः હોશીયાર અર્થાત્ આલસ્ય વિનાનો उदासीनः પક્ષપાતરહિત गतव्यथः દુઃખ વગરનો (અને વળી) सर्वारम्भपरित्यागी સર્વ (કર્મ) ના આરંભનો ત્યાગ કરનારો यः જે मे મારો भक्तः ભકત (છે) सः તે मे મને प्रियः પ્રિય છે.

भावार्थः ।

વળી ઇશ્વરેચ્છાએ આવી મળેલી વસ્તુમાં પણ જે સ્પૃહા વિનાનો, બાહ્ય અને આંતર એ બંને પવિત્રતાથી યુકત, કોઈ પણ પ્રભુ પ્રીત્યર્થનાં અથવા ધર્મનાં કાર્ય કરવામાં ઉત્સાહી. સારા અથવા નઠારામાં પક્ષપાત વિનાનો, સર્વ દુઃખોથી મુકત અને દૃષ્ટાદૃષ્ટ ફલની ઇચ્છાનો ત્યાગ કરીને કર્મ કરનારો એવો જે મારો ભકત છે તેજ મને પ્રિય છે.

॥ श्लोकः १७ ॥

यो न हृष्यति न द्वेष्टि न शोचति न काङ्क्षति ।
शुभाशुभपरित्यागी भक्तिमान्यः स मे प्रियः ॥

पदानि ।

यः न हृष्यति न द्वेष्टि न शोचति न कांक्षति ।
शुभाशुभपरित्यागी भक्तिमान् यः सः मे प्रियः ॥

अन्वयार्थः ।

यः જે **न. हृष्यति** હર્ષ પામતો નથી **न. द्वेष्टि** (કોઈનો) દ્વેષ કરતો નથી **न. शोचति** શોક કરતો નથી (તેમજ) **न. काङ्क्षति** (કોઈ પણ વસ્તુને) ઇચ્છતો નથી; (વળી) **यः** જે **शुभाशुभपरित्यागी** શુભ અથવા અશુભનો ત્યાગ કરનારો (અને) **भक्तिमान्** ભક્તિવાળો (છે) **सः** તે **मे** મને **प्रियः** પ્રિય છે.

भावार्थः ।

જે પોતાની પ્રિય વસ્તુ પ્રાપ્ત થતાં આનંદ પામતો નથી તેમજ અપ્રાપ્ત થતાં દ્વેષ કરતો નથી, ઇષ્ટ વસ્તુનો નાશ થતાં જે શોક કરતો નથી તેમજ કોઈ પણ વસ્તુની જે ઇચ્છા કરતો નથી, વળી સુખ દુઃખનાં કારણરૂપ પુણ્ય પાપને ઇંદ્રિયોનાં કર્તવ્ય સમજી જે ત્યાગ કરનારો છે અને મારી ભક્તિવાળો છે તેજ ભક્ત મને પ્રિય છે.

॥ श्लोकौ १८–१९ ॥

समः शत्रौ च मित्रे च तथा मानापमानयोः ।
शीतोष्णसुखदुःखेषु समः संगविवर्जितः ॥
तुल्यनिन्दास्तुतिर्मौनी संतुष्टो येनकेनचित् ।
अनिकेतः स्थिरमतिर्भक्तिमान्मे प्रियो नरः ॥

पदानि ।

समः शत्रौ च मित्रे च तथा मानापमानयोः ।
शीतोष्णसुखदुःखेषु समः संगविवर्जितः ।
तुल्यनिन्दास्तुतिः मौनी संतुष्टः येनकेनचित् ।
अनिकेतः स्थिरमतिः भक्तिमान् मे प्रियः नरः ॥

अन्वयार्थः ।

(જે) **शत्रौ** શત્રુ ઉપર **च** અને **मित्रे** મિત્ર ઉપર **समः** સમાનતા રાખનારો **तथा. च** તેમજ **मानापमानयोः** માન અને અપમાનમાં (**समः** સમાન બુદ્ધિ રાખનારો) **शीतोष्णसुखदुःखेषु** ટાઢ,તડકો, સુખ અને દુઃખમાં (પણ) **समः** સમાન રીતે વર્તનારો **संगविवर्जितः** ઉપાધિથી રહિત **तुल्यनिन्दास्तुतिः** નિંદા અને સ્તુતિને તુલ્ય માનનારો **मौनी** મૌન રહેનારો **येनकेनचित्** જે કોઈ પણ (વસ્તુ) વડે **संतुष्टः** સંતોષ પામનારો **अनिकेतः** (નિયમિત) ગૃહ વિનાનો **स्थिरमतिः** સ્થિરબુદ્ધિવાળો (અને) **भक्तिमान्** ભક્તિવાળો (જે) **नरः** પુરૂષ (છે) (તે) **मे** મને **प्रियः** પ્રિય છે.

भावार्थः ।

શત્રુ અને મિત્ર એ કારણવશાત્ થના હોવાથી તેઓને સમાન માનનારો, તેમ માન અને અપમાન પણ નૈમિત્તિક છે એમ સમજી તેઓને પણ સમાન સમજનારો. એટલે કે તેથી ઉત્પન્ન થતો હર્ષ શોક ન કરનારો, ટાઢ, તડકો અને સુખદુઃખ એ સર્વને પણ સરખાં માનનારો, કોઈ પણ સાંસારિક ઉપાધિઓથી રહિત, પોતાની કોઇ નિન્દા અથવા સ્તુતિ કરે તો તેને પણ તુલ્ય માની તેની ઉપેક્ષા કરનારો, વાણીને નિયમમાં રાખનારો, પોતાને ઇશ્વરેચ્છાથી પ્રાપ્ત થતી કોઇ પણ વસ્તુમાં આનંદ માનનારો. કોઈ પણ સ્થાનને પોતાનું ન માનતાં પ્રભુકૃપાથી મળેલા સ્થાનપરજ રહેનારો, સંસારની બાહ્ય પ્રવૃત્તિમાં આસકત ન થતાં સ્થિર બુદ્ધિ રાખનારો અને ભક્તિવાળો એવો જે મારો ભકત છે તે મને પ્રિય છે. અર્થાત્ આ પ્રમાણે જે ભકિતનિષ્ઠ અથવા જ્ઞાનનિષ્ઠ ભકતનાં લક્ષણો કહ્યાં છે તેવાં લક્ષણવાળા ભકતો ભકિતથી અથવા જ્ઞાનથી મારી સગુણ બ્રહ્મની અથવા નિર્ગુણ બ્રહ્મની ઉપાસના કરી અન્તમાં મારા પરમાત્મસ્વરૂપને પામે છે.

॥ श्लोकः २० ॥

ये तु धर्म्यामृतमिदं यथोक्तं पर्युपासते ।
श्रद्दधाना मत्परमा भक्तास्तेऽतीव मे प्रियाः ॥

पदानि ।

ये तु धर्म्यामृतम् इदम् यथोक्तम् पर्युपासते ।
श्रद्दधानाः मत्परमाः भक्ताः ते अतीव मे प्रियाः ।

अन्वयार्थः ।

तु વળી ये જે भक्ताः ભકતો श्रद्दधानाः શ્રદ્ધાવાળા (અને) मत्परमाः મારે વિષેજ તત્પર રહેતા થકા इदम् આ (મેં કહેલું) धर्म्यामृतम् ધર્મયુકત અમૃતને यथोक्तम् (મારા) કહ્યાપ્રમાણે पर्युपासते સેવે છે ते તેઓ मे મને अतीव અત્યંત प्रियाः પ્રિય છે.

भावार्थः ।

જે મારા ભકતો શ્રદ્ધાયુકત અને મારે વિષેજ પરમ પ્રીતિવાળા થયા થકા આ મેં કહેલા મોક્ષના સાધનરૂપ હોવાથી ધર્મયુકત એવા અમૃતને મારા કહ્યાપ્રમાણે યથાસ્થિત થઇને સેવે છે તેજ ભકતો મને અત્યંત પ્રિય છે.

આ પ્રમાણે આ બારમા અધ્યાયમાં સગુણબ્રહ્મ અને નિર્ગુણબ્રહ્મની ઉપાસનામાં નિર્ગુણબ્રહ્મની ઉપાસના શમદમાદિ સર્વ યોગાભ્યાસની સાધનસંપત્તિના હેતુથી અત્યંત કષ્ટસાધ્ય હોવાથી અર્જુનના પ્રશ્ન પ્રમાણે બંને સગુણ નિર્ગુણ બ્રહ્મના ઉપાસકો મનેજ પામે છે છતાં સગુણ બ્રહ્મની ઉપાસના મને પ્રાપ્ત થવામાં સત્વર સિદ્ધિકારક હોવાથી તે કરનાર મુમુક્ષુ મને પ્રિય છે અને તે મને સત્વર પ્રાપ્ત થઈ શકે છે એમ કહી ભગવાને ભકિતયોગનું પ્રતિપાદન કરેલું છે. અર્થાત્ એ પ્રમાણે જે ભગવદ્ભકત ભગવત્કથનાનુસાર ભકિતયોગથી ભગવાને કહેલાં લક્ષણોથી યુકત થઈ ભગવદ્ભકિત કરવામાં તત્પર રહે છે તે અંતમાં તે ભગવાનના સ્વરૂપને પ્રાપ્ત થાય છે, અને તેથી નિર્ગુણ બ્રહ્મની ઉપાસના કરતાં પહેલાં સગુણ બ્રહ્મની ઉપાસના કરવી વધારે સુલભ અને શ્રેયસ્કર છે. इति शम् ।

इति श्रीमद्भगवद्गीतासु उपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे भक्तियोगो नाम द्वादशोऽध्यायः ॥

समाप्त.

सर्वकर्मफलत्यागं ततः कुरु यतात्मवान् ॥ ११ ॥
श्रेयो हि ज्ञानमभ्यासाज्ज्ञानाद्ध्यानं विशिष्यते ।
ध्यानात्कर्मफलत्यागस्त्यागाच्छान्तिरनन्तरम् ॥१२॥
अद्वेष्टा सर्वभूतानां मैत्रः करुण एव च ।
निर्ममो निरहंकारः समदुःखसुखः क्षमी ॥ १३ ॥
संतुष्टः सततं योगी यतात्मा दृढनिश्चयः ।
मय्यर्पितमनोबुद्धिर्यो मे भक्तः स मे प्रियः ॥ १४ ॥
यस्मान्नोद्विजते लोको लोकान्नोद्विजते च यः ।
हर्षामर्षभयोद्वेगैर्मुक्तो यः स च मे प्रियः ॥ १५ ॥
अनपेक्षः शुचिर्दक्ष उदासीनो गतव्यथः ।
सर्वारम्भपरित्यागी यो मे भक्तः स मे प्रियः ॥१६॥
यो न हृष्यति न द्वेष्टि न शोचति न काङ्क्षति ।
शुभाशुभपरित्यागी भक्तिमान् यः स मे प्रियः ॥१७॥
समः शत्रौ च मित्रे च तथा मानापमानयोः ।
शीतोष्णसुखदुःखेषु समः संगविवर्जितः ॥ १८ ॥
तुल्यनिन्दास्तुतिर्मौनी संतुष्टो येनकेनचित् ।
अनिकेतः स्थिरमतिर्भक्तिमान्मे प्रियो नरः ॥ १९ ॥
ये तु धर्म्यामृतमिदं यथोक्तं पर्युपासते ।
श्रद्दधाना मत्परमा भक्तास्तेऽतीव मे प्रियाः ॥ २० ॥

इति श्रीमद्भगवद्गीतासु उपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे
श्रीकृष्णार्जुनसंवादे भक्तियोगो नाम द्वादशोऽध्यायः ॥

॥ श्रीमद्भगवद्धर्मपाठशाला ॥

सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।

अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥

સુખની પ્રાપ્તિ એજ પ્રાણીમાત્રની ઇચ્છા પરન્તુ આત્યંતિક સુખની અભિલાષા એ તો મનુષ્ય જીવનમાંજ રહેલી છે; પરન્તુ તેમાં કાર્યાકાર્યના વિવેકની અપેક્ષા રહે છે અને તે તો '**तस्माच्छास्त्रं प्रमाणं ते कार्याकार्यव्यवस्थितौ**' એ ભગવદ્વચનાનુસાર શાસ્ત્ર તરફજ દૃષ્ટિક્ષેપ કરાવે છે અને જો તે શાસ્ત્રનો મનુષ્ય સ્વીકાર ન કરે તો તેની તે અભિલાષા મિથ્યાજ, કારણ કે "**यः शास्त्रविधिमुत्सृज्य वर्तते कामकारतः । न स सिद्धिमवाप्नोति न सुखं न परां गतिम्**" એ ભગવત્કથનાનુસાર તેની સિદ્ધિજ ન થાય. માટે ઉપરોકત અભિલાષાની પૂર્ણતા માટે શાસ્ત્રનુંજ શ્રવણ, મનન અને નિદિધ્યાસન આવશ્યક જણાય છે, અને જો તે કરવામાં આવે તોજ મનુષ્યજીવનની સાર્થકતા છે.

આ હેતુથી **સદ્ધર્મપરાયણ શેઠ ત્રિભુવનદાસ વરજીવદાસ** તરફથી તેમના **સદ્દગત** પુત્ર **શેઠ ઇશ્વરદાસ**ના સ્મરણાર્થે ઉપરોક્ત પાઠશાલા સ્થાપવામાં આવી છે અને તેનો લાભ દરેક વ્યકિત લઇ શકે એ હેતુથી સમય અને કાર્યક્રમ નીચે પ્રમાણે રાખવામાંઆવ્યો છે.

પ્રાતઃકાળ—(મું. ટા.) ૮–૯ ભગવદ્ગીતાનું આવર્તન, અધ્યયન અને પ્રવચન.

સાયંકાળ—(મું. ટા) ૬ાા–૭ાા શ્રીમદ્ભાગવતપ્રવચન બાલપ્રબોધિની અને સુબોધિની વિગેરે મહાન્ ટીકાઓને આધારે.

ગુરૂવારે **પ્રાતઃકાલે**—યાજ્ઞવલ્કયસ્મૃતિપર અને **રવિવારે પ્રાતઃકાલે**—મનુસ્મૃતિ પર પ્રવચન.

દર **એકાદશી**—સાયંકાલે ૬ાા–૮ સુધી **શ્રીમદ્ભગવદ્ગીતા** પ્રવચન ભાષ્યકાર આચાર્યોના ભાષ્યોને આધારે.

આ પ્રમાણે વ્યવસ્થા હોવાથી આશા છે કે દરેક ભગવદ્ભકત જીજ્ઞાસુઓ આ પાઠશાલાનો લાભ લઇ પોતાના અલભ્ય મનુષ્ય જીવનની સાર્થકતા કરશે.

લી. ભગવજ્જનોનો કૃપાભિલાષી.

ચકુભાઇ વીરજી

ના ભગવત્સ્મરણ.

પાઠશાલાનું ઠેકાણું
માધવબાગ. ગી.પી.ટેંક